જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૨/૨૦૧૫ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૫૭/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૧૪૦ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૫૮/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૩૫૯/૧૫

**ઓઢવઃ** ભાવનાબહેન પ્રદિપભાઈ રાવ (રહે. ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ ઓઢવ) એ તા.૧૮/૨/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૨/૧૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ ખાતેથી રવિનાબહેન શંકરભાઈ વૈષ્ણવ (ઉ.વ.૧૦) (રહે.ગામ પુરાડા તાલુકો સુમેરપુર જીલ્લો પાલી રાજસ્થાન) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ આર જનકાંત ચલાવે છે.

**અમરાઈવાડીઃ** જાગૃતીબહેન રમેશભાઈ શંખવાર (ઉ.વ.૧૫) (રહે.શિવાનંદનગર મહાદેવ મંદિર પાસે અમરાઈવાડી) ને તા.૧૬/૨/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નાજીકથી શકદાર આરોપી બાપી બાબુભાઈ શેખ (રહે. પરગાતી પોષ્ટ દેવલી તાલુકો દક્ષીણ ચોવીસ પરગાણા કલકત્તા) લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ જાગૃતીબહેનની માતા મીનાબહેન શંખવારે તા.૧૮/૨/૧૫ નારોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ વી રાજગોર ચલાવે છે.

**વટવાઃ** રિન્કુબહેન ગુણવંતભાઈ વાજા (દરજી) (ઉ.વ.૧૪) (રહે.ગોકુલધામ ફલેટ વેજલપુર) ને તા.૧૨/૨/૧૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે વટવા આશાપુરી માતાજીના મંદિર નાજીકથી આરોપી રાકેશભાઈ સવજીભાઈ પરમાર લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ રિન્કુબહેનના પિતા ગુણવંતભાઈ વાજાએ તા.૧૮/૨/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી બી રાણા ચલાવે છે.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૩૬૦/૧૫**

**કાલુપુરઃ** વિજયકુમાર પ્રકાશભાઈ રાઠોડ (રહે.ગોપાલનગરની ચાલી શાંતીનગર સામે જુના વાડજ) તા.૬/૨/૧૫ રાતના ૮/30 વાગ્યાના સુમારે કાગડાપીઠ સફલ-૩ નજીકથી ભાડેથી ઓટોરિક્ષા કરી વિજયકુમારના પુત્રને રૂપિયા ૨,૧૫,૧૦૦/- ના મતાના પંજાબી ડ્રેસ લઈ પોતાના ઘરે જવા રવાના કર્યા હતા. દરમ્યાન કાલુપુર રતનપોળ પાસે વિજયકુમારના પુત્રને રિક્ષામાંથી ઉતારી રિક્ષાચાલક પંજાબી ડ્રેસ સાથે રિક્ષા લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ વિજયકુમાર રાઠોડે તા.૧૮/૨/૧૫ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી ડી ઝીલરીયા ચલાવે છે.

**એલીસબ્રીજઃ** ઇકબાલભાઇ યુસુફભાઇ પીપાળવાલા (ઉ.વ.૪૨) (રહે.પાર્ક રેજન્શી કૈલાશ સોસાયટી મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે પાલડી) એ તા.૧૮/૨/૧૫ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.3/3/૨૦૧૩ નારોજથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હીરલ સતીષચંન્દ્ર કંસારા (રહે. મલ્હાર એપાર્ટમેન્ટ દર્શન કો.ઓ હાઉ.સોસા લીમીટેડ વાસણા) એ મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે આવેલ હેવમોર આઇસ્ક્રીમ પાર્લર નજીક BSNL કંમ્પનીના ટેન્ડરની રોકડ રકમ કરતા ૨૦% વધુ રોકડ રકમ મળશે તેવી લોભામણી લાલચ આપી વીશ્વાસમા લઇ ઈકબાલભાઈ પાસેથી રૂપિયા ૧૦,૭૦,૦૦૦/- અને ઈકબાલભાઈના મીત્ર મુનાફ હલવાવાલા નાઓ પાસેથી રોકડ રૂપિયા ૬,૪૦,૦૦૦/- લઇ આજદીન સુધી પાછા નહી આપી અને અલગ અલગ સ્માર્ટ મેન કંમ્પનીના ચેકો આપી વીશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી શૈલેન્દ્રસિંહ બટુકસિંહ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૬૧/૧૫**

**કાલુપુરઃ** જીગ્નેશભાઈ લલીતભાઈ શેઠ (રહે.રમણ સ્મૃતિ ફ્લેટ ધરણીધર દેરાસર પાસે વાસણા) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૨/૧૫ બપોરના ૪/૦૦ થી તા.૧૮/૨/૧૫ સવારના ૭/30 વાગ્યા દરમ્યાન કાલુપુર રેવડી બજાર ખાતે આવેલ પોતાની પાર્શ્વ એન્ટરપ્રાઈઝ નામની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી રૂપિયા ૧૯,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે તેમજ સાહેદોની જુદી-જુદી કુલ ૧૨ દુકાનના તાળા તોડી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી બી જાડેજા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૬૨/૧૫**

**ચાંદખેડાઃ** દયારામ નાથુભાઈ હડીયા (રહે. સેતુ એલીગન્સ ફોરડી સ્કેવ મોલની પાછળ ચાંદખેડા) એ તા.૧૬/૨/૧૫ કલાક ૧/૦૦ વાગે પોતાના રહેણાંકના પાર્કિંગમાં પોતાની બોલેરો ગાડી નંબર જીજે ૧૨ બીઆર ૯૪૧૯ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ દયારામ હડીયાએ તા.૧૮/૨/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેશભાઈ મગનભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.